THEOSOPHIC JYOTI (Gujrati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક અંતર્દષ્ટિ પ્રેરતું પોષતું, અને પ્રફુલ્લાવતું સામયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshad M.Dave

Year- 9 | September - 2024 | No. 88

## અનુક્રમણિકા


1. સંપાદકીય....................સંપાદક 03
2. ડૉક્ટર એની બેસન્ટને શ્રદ્ધાંજલિ....................શ્રી હર્ષવદન શેઠ 04
3. જે. કૃષ્ણમૂર્તિ ભાગ-૧ : સંસ્મરણ અને વ્યક્તિત્વ....................શ્રી હર્ષદ દવે 07
4. કાર્ય સંહિતા શિબિર-અહેવાલ .......... શ્રી મકવાણા અમિતકુમાર કાંતિભાઈ 09
5. અડ્યાર દિવસ : ૧૭ ફેબ્રુઆરી.................... શ્રી દેવેન્દ્ર એચ. પરિખ 10
6. ધ હિડન સાઈડ ઓફ ધ થિંગ્સ ....................શ્રી ધવલ શેઠ 11
7. શ્રી અજયભાઈ હોરા-શ્રદ્ધાંજલી.. ....................શ્રી અતુલભાઈ દરજી 13
8. યુવા પ્રવૃત્તિનું પ્રેરણ ઝરણું....................શ્રી સાગરકુમાર પટેલ 14
9. અંબાજી અભ્યાસ વર્ગ.................... શ્રી ગિરીશ નીલગિરિ 15
10. ટીઓએસનો વૃક્ષારોપણ કાર્યક્રમ....................શ્રી ઉદય પાકાવાલા 16
11. ઋણ સ્વીકાર....................શ્રી છબીલદાસ સોની 17
12. શાખા સમાચાર .................... 18-19
13. આપણો પુસ્તક પ્રેમ ....................શ્રી પ્રવીણભાઈ માંડલિયા 20


Price Rs. 10/- Yearly Subscription : Rs. 100 /- (In India) • Published & Printed at : Vadodara

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

## થિયોસોફિકલ સોસાયટીના ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દૃષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહીં સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧.

## ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : શ્રી હર્ષવદન એમ. શેઠ (રોહિત લોજ)

મંત્રી : શ્રી છબીલદાસ કે. સોની (શ્રીરામ લોજ)

ઉપપ્રમુખ : શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા (સનાતન લોજ)

સહમંત્રી : શ્રી પ્રશાંતભાઈ કે. શાહ (સનાતન લોજ)

ખજાનચી : શ્રી રમેશચંદ્ર ડોલીઆ (અમદાવાદ લોજ)

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન કાર્ય અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી છબીલદાસ કે. સોની**

બી/૩, બોમ્બે સોસાયટી, ગાયત્રી મંદિર રોડ,
મહાવીરનગર, હિમ્મત નગર,
જી. સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩ ૦૦૧
મો. નં. ૯૮૨૫૫ ૯૦૫૪૩
E-mail-cksoni1205@gmail.com

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

### બુક સ્ટોલ મેનેજર

શ્રી પ્રવીણભાઈ માંડલિયા
સી/૩૧૧, કેસરીયા હનુમાન રોડ,
એમ.જી.ટી. ટ્યૂશન ક્લાસ પાછળ,
શ્રી રામ નગર, કાળિયાબીડ, ભાવનગર - ૩૬૪૦૦૨
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭, ૮૩૨૦૦૬૬૪૧૫

**સહતંત્રી : શ્રી ગિરીશ 'નીલગિરિ'**
મો. : ૮૪૬૯૬૪૮૦૭૩

**વ્યવસ્થાપક : શ્રી અતુલ દરજી**
મો. : ૯૪૨૯૫૩૫૨૯૧

**થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)**
**શ્રી હિતેષકુમાર કાંતિલાલ પટેલ**
સનાતન લોજ, સુરત
મો. : ૮૧૪૧૭ ૭૭૨૩૬

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૧૫૦૦–૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૧૦૦૦–૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ. ૫૦૦–૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ. ૧૦૦–૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં "જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ" એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવોઃ–

**શ્રી હર્ષદ એમ. દવે**
એ–૨૦૧,માઈલસ્ટોન રેસીડન્સી,
નાયરા પેટ્રોલ પંપ સામે, બ્રાઈટ ડે સ્કૂલ પાસે,
વાસણા–ભાયલી રોડ, વડોદરા – ૩૯૧૪૧૦
મો. : ૮૭૫૮૭૪૬૨૩૬
E-mail - hdjkdave@gmail.com

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 364001)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# સંપાદકીય

થિયોસોફિકલ સોસાયટી એવા વિદ્યાર્થીઓની બનેલી છે કે જેઓ વિશ્વના કોઈપણ ધર્મ સાથે સંબંધ ધરાવે છે અથવા ન પણ ધરાવતા હોય પણ તેઓ સોસાયટીના ઉદ્દેશ્યોનું સમર્થન કરે છે અને તેથી તેઓ સોસાયટી સાથે જોડાયેલા છે. તેઓની ધાર્મિક ધારણા ગમે તે હોય પરંતુ તેઓ ધાર્મિક વિરોધોને દૂર કરવાની માનસિકતા ધરાવતા લોકોને એકત્રિત કરે છે. જેઓની આકાંક્ષા ધાર્મિક સત્યને જાણવાની અને પોતાના અભ્યાસના પરિણામોની વાત બીજા સાથે કરવાની ઈચ્છા હોય તેઓ સ્વૈછિકપણે એકઠા થાય છે. તેમનું જોડાણ એકસરખી માન્યતા ધરાવતા લોકોનો વ્યવસાય નથી પરંતુ સત્યની શોધ અને આકાંક્ષા છે. તેઓ માને છે કે સત્યની શોધ અભ્યાસ દ્વારા, મનન દ્વારા, જીવનની શુદ્ધતા દ્વારા, ઉચ્ચ આદર્શો પ્રત્યેની નિષ્ઠા દ્વારા થવી જોઈએ, અને તેઓ સત્યને સત્તા દ્વારા લાદવામાં આવતા અંધવિશ્વાસ તરીકે નહીં, પરંતુ તેને પ્રયત્ન કરવા માટેનું ઇનામ માને છે. તેઓ માને છે કે તે વ્યક્તિગત અભ્યાસ અથવા અંતર્જ્ઞાનનું પરિણામ હોવું જોઈએ, તે જ્ઞાન પર આધારિત હોવું જોઈએ. તેઓ સહિષ્ણુ હોય છે, અસહિષ્ણુ લોકો માટે પણ તેઓ સહિષ્ણુ હોય છે. તેઓ તેને એક વિશેષાધિકાર તરીકે નહીં, પરંતુ એક કર્તવ્ય માનીને નિભાવે છે અને તેઓ તેને સજા નથી માનતા પણ તેઓ પોતાના અજ્ઞાનને દૂર કરવા માગે છે. તેઓ દરેક ધર્મને દિવ્ય પ્રજ્ઞાની અભિવ્યક્તિ તરીકે જુએ છે અને તેની નિંદાને નહીં કે ધર્મ પરિવર્તનને નહીં પરંતુ તેના અભ્યાસને જુએ છે. શાંતિ માટે તેઓ સાવધ રહે છે, અને સત્ય તેમનું લક્ષ્ય છે.

થિયોસોફી એવાં સત્યોનો સંગ્રહ છે જેમાં તમામ ધર્મોનો આધાર લેવામાં આવ્યો છે, અને કોઈ તેના પર વિશિષ્ટ અધિકાર ધરાવે છે તેવો દાવો કરી ન શકે. તે એક એવું દર્શન રજૂ કરે છે જે જીવનની સમજણ આપે છે, અને જે ન્યાય અને પ્રેમ દર્શાવે છે, જે તેના વિકાસને માર્ગદર્શન આપે છે. તે અનંત જીવનયાત્રામાં પુનરાવર્તિત ઘટના તરીકે મૃત્યુને તેના યોગ્ય સ્થાને મૂકે છે. જે સંપૂર્ણ અને વધુ તેજસ્વી અસ્તિત્વ છે તેને માટે તે પ્રવેશદ્વાર ખોલે છે. તે વિશ્વમાં આત્માના વિજ્ઞાનને પુનઃસ્થાપિત કરે છે, તે માણસ સ્વયં આત્મા છે અને મન અને શરીરને તેના સેવકો તરીકે જાણવાનું શીખવે છે. તે ધર્મોના શાસ્ત્રો અને સિદ્ધાંતોને તેમના અજ્ઞાત અર્થોને બહાર લાવી પ્રકાશિત કરે છે, અને આ રીતે તેમને બુદ્ધિના આધારે ન્યાયી ઠેરવે છે કારણ કે તે પ્રજ્ઞા કે મેધાની નજરે હંમેશા યોગ્ય છે.

થિયોસોફિકલ સોસાયટીના સભ્યો આ સત્યોનો અભ્યાસ કરે છે, અને થિયોસોફિસ્ટ તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે. અહીં એવી દરેક વ્યક્તિ કે જે અભ્યાસ કરવા, સહનશીલ બનવા, ઉચ્ચ ધ્યેય રાખવા અને સતત કામ કરવા ઈચ્છુક છે તેનું સભ્ય તરીકે સ્વાગત કરવામાં આવે છે, અને તેના સાચા થિયોસોફિસ્ટ બનવાનો આધાર આ બાબત પર રહેલો છે.

**થિયોસોફિકલ સોસાયટીની જનરલ કાઉન્સિલ દ્વારા પસાર કરાયેલો ઠરાવઃ**


જેમ કે થિયોસોફિકલ સોસાયટી વિશ્વભરમાં ખૂબ જ ફેલાયેલી છે, અને તમામ ધર્મોના સભ્યો પોતપોતાના ધર્મોના વિશેષ સિદ્ધાંતો, ઉપદેશો અને માન્યતાઓને બાજુ પર મૂકયા વગર તેના સભ્ય બન્યા છે. અહીં એ હકીકત પર ભાર મૂકવામાં આવે છે કે અહીં કોઈ સિદ્ધાંત, કોઈ અભિપ્રાય, કોઈ પણ વ્યક્તિ દ્વારા શીખવવામાં અથવા રાખવામાં આવે છે, જે કોઈપણ રીતે સમાજના કોઈપણ સભ્ય માટે બંધનકર્તા છે એવું નથી. કોઈપણ

(અનુસંધાન પાન ૧૭ પર)

જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે
સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત

# ડૉક્ટર એની બેસન્ટને શ્રદ્ધાંજલિ : શ્રદ્ધા, સેવા અને સમર્પણ

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ
પ્રમુખ : જીટીએફ
મો. ૯૮૨૪૦૭૩૬૭૮



૨૦મી સપ્ટેમ્બરના રોજ આપણે ડૉક્ટર એની બેસન્ટને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. ૧૯૩૩માં ૨૦મી સપ્ટેમ્બરે તેમણે આ પાર્થિવ જગતમાંથી વિદાય લીધી. આપણે સૌ નત મસ્તક થઈને તેમનાં કાર્યોને યાદ કરીને, તેમની સેવા ભાવનાને બિરદાવીને ખૂબ જ અનોખી પ્રેરણા પામીએ છીએ. તેમનું સ્થૂળ શરીર ચાલ્યું ત્યાં સુધી પોતાના શક્તિ, સમય અને સાધનોનો ઉપયોગ પર કાર્ય કરી રહ્યા હતા. માનવજાતિ પ્રત્યેનો બંધુ ભાવ તેઓ માત્ર શબ્દથી નહીં પણ આનંદ અને ઉત્સાહ ભરી સેવાથી પ્રદર્શિત કરતા હતા.

તેમના થીઓસોફિક કુટુંબીઓનું મંડળ ઘણું મોટું હતું. અનેક દેશોમાં પ્રસરેલું હતું. થિયોસોફિકલ સોસાયટીના ઘણા યુવાન અને પ્રૌઢ સ્ત્રી-પુરુષો તેમને માતા કહેતા અને એ માતા તેઓને માતૃપ્રેમથી ચાહતા. તેઓ તેમને પુત્ર અને પુત્રી કહેતાં. આ કુટુંબીજનો તેમના કાર્યમાં બનતી સહાય કરતા. તેમને માટે ભોગ આપવાનું થાય તો આનંદથી આપતા. પોતાના જૂના વૃદ્ધ નોકરોને પેન્શન બાંધી આપતા અને પોતાનાં મૃત્યુ પછી પણ પોતાના નોકરને પેન્શન મળે એવી વ્યવસ્થા કરતાં ગયેલાં. નોકર-ચાકરની ભૂલો તરફ તેઓ ક્ષમાની દૃષ્ટિએ જોતાં. પોતે મુસાફરીમાં જેમને ત્યાં મહેમાન થતાં તેમના નોકરોને બક્ષીસ આપવાનું ચૂકતા નહીં.

થિયોસોફિકલ સોસાયટીમાં દાખલ થયા પછી થિયોસોફીના અભ્યાસથી તેમને ખાતરી થઈ હતી કે આજના વિરોધીઓ પણ ભવિષ્યના સંબંધીઓ છે. એટલે વિરોધીઓ સામેનો વિરોધ ઓછો કરવા મથતાં અને લોકોપયોગી કામોમાં તેમની સાથે હાથ મિલાવવા તત્પર રહેતાં.

પોતાનો નાનો મોટો કાર્યકર માંદગી ભોગવી રહ્યો છે તેવી ખબર પડે કે તુરંત તેની ખબર પૂછવા જતાં, જરૂરી બંદોબસ્ત કરતા. આમ તેની સેવા કરવામાં પોતાનું કર્તવ્ય સમજતાં. વૃદ્ધ કાર્યકરનું કોઈ યુવાન કાર્યકર અપમાન ન કરી બેસે તેનું ધ્યાન રાખતા. આંતરરાષ્ટ્રીય મહાસંમેલન અડ્યાર કે બનારસમાં ભરાતું ત્યારે બહારથી આવેલા પ્રતિનિધિઓ માટે ખાવા, પીવાની, નહાવા ધોવા તથા ઉતારાની સગવડ પૂરતી છે કે નહીં તેની જાતે તપાસ રાખતાં.

પોતાનું બૂરું કરનારનો, તેમ કરવામાં સારો હેતુ હશે એમ માનતાં. તેઓ આવી વ્યક્તિ માટે ક્ષમા અને દયાની ભાવના રાખતાં. તેઓ સૌ પ્રત્યે પ્રેમાળ હૃદય રાખતાં. કોઈ વાર થોડા શબ્દોમાં તેઓ કોઈને મોટું પ્રોત્સાહન આપતાં. અમુક વર્ષો સુધી એક નાનકડા કાર્યકરનું કામ જોયા પછી બનારસમાં શિયાળાની એક સવારે તેને એકાએક કહ્યું, "You are a steady worker" - 'તમે એક સરખું પાયાનું કામ કરનારા છો'. તેટલા થોડા શબ્દોએ તે કાર્યકરને વર્ષો સુધી ચાલે તેટલી પ્રેરણા, તેટલો ઉત્સાહ અને શક્તિ આપી દીધા.

સત્યની બાબતમાં તેઓ કોઈને પણ જરાય નમતું આપતા નહીં. તેમના પુત્રસમ વ્હાલા એક કાર્યકરને તેમણે

સ્વ. ઘનશ્યામભાઈ સોનેજી, સ્વ. નિર્મળાબેન સોનેજી તથા સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ

એક વખત લખેલું કે "You are dear but truth is dearer" - 'તમે મને પ્રિય છો પણ સત્ય તમારા કરતા વધારે પ્રિય છે.'' તેઓ પોતાના કાર્યકરો પર સંપૂર્ણ વિશ્વાસ ધરાવતા પરંતુ જો તેમ કરવામાં કોઈ વખત સહન કરવું પડે તો પણ એ ગંભીર બાબતનો ત્યાગ કર્યો ન હતો.

લોકહિતના જુદા જુદા ક્ષેત્રે તેમનો પત્ર વ્યવહાર બહુ મોટો હતો છતાં તેઓ પોતાના પત્રો પોતાના હાથથી જ સારા અને ચોખ્ખા અક્ષરે ટૂંકમાં, મુદ્દાસર લખતાં. ચાલુ ટ્રેનમાં કે ચાલુ સ્ટીમરમાં તેમજ સૂતાં સૂતાં પણ તેઓ પત્રો કે લેખો લખી શકતાં. તેઓ જ્યારે ભારતમાં કોઈ શહેરની મુલાકાત લેતાં ત્યારે મુલાકાતે આવનારા માટે એક કલાક રાખતા. એક મુલાકાતી મુલાકાત લઈને ઓરડા બહાર જતો અને બીજો મુલાકાતી અંદર આવતો ત્યારે એટલા સમય સુધી પણ તેમની પેન પોતાનું કામ કર્યે રાખતી. આમ તેમની વિચારધારા પણ અતૂટ રહેતી. તેઓ એક કલાકમાં અનેક મુલાકાતીઓને સંતોષજનક રીતે મળતા.

રોજ સવારના નાહીને, ધ્યાન કરીને તેઓ પોતાની જાતે કોફી બનાવતાં. પોતે તે પીતાં અને પાસે બેઠેલા કાર્યકરોને પણ પીવડાવતાં. અડ્યારમાં હોય ત્યારે તેમના ત્રણ જૂના કાર્યકરો કોફી વખતે હાજર રહેતા અને તેઓ અમ્માના હાથની કોફી આનંદથી પીતા. એમના હાથની કોફી પીવા ઘણા નાના મોટા કાર્યકરો ઉત્સુક રહેતા અને તે પ્રકારની તક શોધતા. ડોક્ટર જ્યોર્જ અરુન્ડેલ શ્રીમતી બેસન્ટના લાડકા સ્વીકૃત પુત્ર હતા. તેમને કોઈની નિર્દોષ રમૂજ કરવાનો શોખ હતો. તેઓ શ્રીમતી બેસન્ટની તેમજ તેમના પાલક માતા-માસીની પણ રમૂજ કરતા. આખો દિવસ કામમાં પસાર કર્યા પછી ડોક્ટર બેસન્ટ જ્યોર્જને બોલાવતા અને કહેતા, "Dear George! Have you no jokes for me?" - ''વાહલા જ્યોર્જ! તારી પાસે મારા માટે રમૂજો નથી શું?'' એટલામાં તો જ્યોર્જ કલ્પના ન કરી હોય તેવી રમૂજ રજૂ કરી દેતા ને હાજર રહેલા સૌ કોઈને હસાવતા.

શ્રીમતી બેસન્ટના સમયમાં અડ્યાર લાઈબ્રેરી, વસંત પ્રેસ, પંચમ સ્કૂલ, ગૌશાળા, લોન્ડ્રી, પાવર હાઉસ, દવાખાનું, ખેતી, બગીચો, થિઓસોફિકલ પબ્લિશિંગ હાઉસ, ભોજનશાળા, યુરોપિયન રસોડું વગેરે કામો ચાલી રહ્યા હતા. તેમાં કેટલાક લોકો પગારથી, કેટલાક ખોરાકી ખર્ચ લઈને, કેટલાક પોતાને ખર્ચે માનદ કામ કરતા હતા. તેથી યુવાનો અને પ્રૌઢો પણ આવા કામ માટે પોતાની સેવા અર્પણ કરવા તેમની પાસે આવતા. તેમની સેવા તેઓ તુરત જ સ્વીકારી લેતા નહીં. પણ તેમની ઉંમર, તેમનો અભ્યાસ, કામની આવડત, તેમના કુટુંબની સંખ્યા, કુટુંબના નિર્વાહનાં સાધનો, વગેરે બાબતો જાણવા માંગતા. સેવા આપવા આવનાર મનુષ્ય ઉપયોગી થશે એમ લાગે તો તેને માફક આવે તેવું કામ તેને સોંપતા. નહીં તો તે જ્યાં હોય ત્યાં કંઈ ને કંઈ લોક સેવાનું કામ કરે તો સારું એવી સલાહ આપતા. તેઓ ગરીબ વિદ્યાર્થીઓને તેમજ સોસાયટીના કાર્યકર થવા ઈચ્છનારને કોઈ વાર થોડી બ્રહ્મચારી સ્કોલરશીપ પણ આપતા.

તેમની પાસે રહેનાર મંત્રીને ખૂબ સાવધાન રહેવું પડતું. તેઓ કઈ માહિતી માંગશે ને કયો પ્રશ્ન પૂછશે તે કલ્પી શકાય તેમ ન હતું. કોઈ વખત તેઓ તેમના કાર્યકરને લાલ આંખ પણ બતાવતાં. એ લાલાશ લોહીની ન હતી, ઠરેલા લાલ રંગ જેવી ન હતી, પણ સૂર્યોદય પહેલાની ગુલાબી લાલાશ હતી. કેમ કે એ લાલ આંખ ઠપકો આપવા માટે ન હતી, પણ સમજણ આપવા માટે હતી એટલે તેમની પ્રતિક્રિયા ઘણી જ નિયમપાલનના સ્વરૂપમાં પરિણમતી. તેમનાથી જવલ્લે જ ભૂલ થતી. જો થાય તો તેનું ભાન થતાં તેઓ એ ભૂલ સ્વીકારતા ને તુરત જ તેને સુધારતા તથા ફરીવાર તેમ ન થાય તે માટે સાવધાની રાખતાં. દુઃખ અને સુખ, સફળતા અને નિષ્ફળતા, આશા અને નિરાશા જીવનમાં છે એમ ભૂલનું પણ સ્થાન જીવનમાં છે એમ તેઓ માનતાં. ભૂલમાંથી પણ અનુભવ મેળવતા. અજાણપણે ભૂલ કરનાર પ્રત્યે

સહાનુભૂતિ રાખતા અને ક્ષમાની દષ્ટિએ જોતાં.

માતાજી બેસન્ટ પોતાના કાર્યકરને તેમના સ્વભાવ ને શક્તિ પ્રમાણે જુદી જુદી રીતે તાલીમ આપતા. કોઈને અમુક કામ કરવાનું સોંપતા. કોઈને અમુક વ્યક્તિની સાથે રાખતા. કોઈને અમુક જગ્યાએ મોકલતા. કોઈને નવાં નવાં કામ સોપતા. એક નવો કાર્યકર એમ સમજતો હતો કે તે પોતાનો પૂર્ણ સમય અમુક કાર્ય માનદ ભાવે કરવામાં ગાળતો; તેને શ્રીમતી બેસન્ટે એક વખત કહ્યું, ''તમે તમારો બધો જ સમય અમુક કાર્યને આપો છો, ખરું ને?'' તેણે જવાબ આપ્યો, ''હા,મા!'' પણ માતાના એ પ્રશ્નનો તેણે આપેલા જવાબે તેની આંખ ઉઘાડી દીધી. તેને વિચાર કરતો કરી મૂક્યો. તેને સમજાયું કે ખરી રીતે તે બહુ જ થોડો સમય એ કામમાં આપતો હતો. પરિણામે છેવટે તે એ કામને વધારે સમય આપતો થયો.

એક જૂના કાર્યકર તેમના હાથ નીચેના કોઈ સભ્ય જ્યારે ભૂલ કરે ત્યારે તે ખૂબ ગુસ્સે થઈ જતા. એને એક વખત પોતાની પાસે બોલાવીને માતા બેસન્ટે કહ્યું, કોઈ વખત કોઈના હાથથી એક કામ બગડે તો તેને બગાડવા દેવું, પણ ગુસ્સે થઈને તમારે તમારી જાતને ન બગાડવી. પરિણામે એક જૂના વયોવૃદ્ધ કાર્યકર પોતાના ગુસ્સાથી ઘણે અંશે મુક્ત થયા.

શ્રીમતી બેસન્ટે એક જન્મમાં અનેક જન્મોનું કામ કર્યું હતું; કેમ કે તેઓ સમય કેમ પાળવો તે જાણતા, તેઓ નકામો સમય ન ગુમાવતા, બિનજરૂરી શબ્દો ન વાપરતા. વળી બિનજરૂરી કામ પણ હાથ પર ન લેતા. બિનજરૂરી વિચાર પણ ન સેવતાં. આળસને ક્યારેય પણ સ્વીકારતા નહીં. મોજ શોખ ને તો ક્યારેય પણ નહીં! કોઈને પણ વધારે સમય ન આપતાં. તેઓ પોતાના નિયમો ઘડી કાઢતાં અને તે નિયમોનું બરાબર પાલન કરતા. ખોટી ધમાલ કરતા નહીં શાંતિનો ભંગ થવા દેતા નહીં. કામ બહુ છે અને પૂરતો વખત મળતો નથી એવી ફરિયાદ કરતા નહીં, એટલે તેમને જોઈતો સમય મળી રહેતો. તેથી નવાં નવાં કાર્યોની જવાબદારી તેઓ ઉપાડી શકતા હતા.

તેઓ કોઈ વખત કોઈ કાર્યકરને પોતાની સાથે પોતાના વાતાવરણમાં રહેવાની ને પોતે પોતાનું કામ કેવી રીતે કરે છે તે જોવાની તક આપતા. કોઈ એ તકનો પૂરતો લાભ લેતા; ને કોઈ એ તક મળતા અભિમાની બનીને તેમની નજીકમાં છે તેવું મિથ્યાભિમાન રાખીને અન્ય કાર્યકરો સાથેનું અંતર વધારતા, પરિણામે આવા કાર્યકર ખરી પડતા.

ઈંગ્લેન્ડમાં મળેલા જ્ઞાનનો પૂરેપૂરો ઉપયોગ ડો. બેસન્ટ ભારતમાં કરતા. તેમણે ઈંગ્લેન્ડની તડકી છાંયડીમાં જીવનનો જે નિચોડ કાઢ્યો હતો તે હિંદમાં અનેક લોકોપયોગી પ્રવૃત્તિઓ કરવામાં ને બને ત્યાં સુધી તેને ચાલુ રાખવા પાછળ વાપર્યો. ઈંગ્લેન્ડમાં તેમણે ઘણા અવરોધોનો સામનો કરેલો. ઘણા પ્રકારના અવરોધોનો દુઃખ સાથે સામનો કરેલો. તેમણે હિંદમાં ભારત માતાની સેવા ખાતર, આનંદ અને સમજપૂર્વક દુઃખો સહન કર્યા. તેમણે ઈંગ્લેન્ડમાં જે બલિદાનો આપ્યા, જે તકલીફો વેઠી તે બાબતોએ હિંદના સ્વાતંત્ર્ય માટે પોતે નજરકેદ થયા અને મુશ્કેલીઓ વેઠી તેને માટે તેઓ સક્ષમ બનેલા. ઈંગ્લેન્ડમાં તેમજ હિંદમાં અનેર વિરોધોનો સામનો કરીને હિન્દ બ્રિટનના સંબંધને તૂટતો અટકાવ્યો. પોતે મરણ પથારીએ પડ્યા ત્યાં સુધી આરામ ને હરામ ગણ્યો, ને જીવનને ધન્ય બનાવ્યું.

માતાજી બેસન્ટને ૨૦મી સપ્ટેમ્બરે તેમની યાદમાં આપણી લોજના કાર્યકરો દ્વારા શ્રદ્ધાંજલિ આપીશું; અને તેમના સેવા અને સમર્પણના કાર્યોને ચિત્તમાં રાખીને પ્રેરણા પામીશું! અસ્તુ !


ooo

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# જે. કૃષ્ણમૂર્તિઃ ભાગ : ૧ : સંસ્મરણ અને વ્યક્તિત્વ(૧.૩.૧૭).

(મૂળ લેખક : પી. કૃષ્ણા – અનુવાદક – શ્રી હર્ષદ દવે)

પ્રસ્તુતિ
શ્રી હર્ષદ દવે
તંત્રી, થિયો. જ્યોતિ, વડોદરા



પ. કૃષ્ણાઃ જ્યારે આપણે એમ કહીએ કે આપણે ન કરવું જોઈએ તો તે સાચું નથી. કદાચ અમારો કહેવાનો આશય એ ન હોય, અમે માત્ર શાબ્દિક રીતે એમ કહેતા હોઈએ છીએ.

અસિત ચાંદમલઃ નહીં, મારું કહેવાનું એમ જ છે.

પ. કૃષ્ણાઃ નહીં, જો ખરેખર તમારું કહેવાનું એમ જ હોય તો તમે નહીં કરો.

કૃષ્ણમૂર્તિઃ તેમનું કહેવાનું એવું છે કે તેમનો એ જ આશય છે.

અસિત ચાંદમલઃ હા, એ જ મારો આશય છે.

કૃષ્ણમૂર્તિઃ તેઓ કહે છે, 'હું ધૂમ્રપાન કરું છું, અને હું તેને છોડી શકતો નથી.' હું કહું છું: 'આખરે તમે કેમ છોડી શકતા નથી?' અને તમે કહો છો કારણ કે હું તે સ્પષ્ટપણે જોઈ શકતો નથી, વગેરે.(હસે છે)

અસિત ચાંદમલઃ તો પ્રશ્ન એ છે કે હું મારા સહુથી વધારે માસૂમ, રચનાત્મક ચાલીસ વર્ષો સુધી તમને સાંભળ્યા પછી..

કૃષ્ણમૂર્તિઃ .. હા, છ વર્ષની ઉંમરથી ..

અસિત ચાંદમલઃ જી, છ વર્ષની ઉંમરથી, અને છતાં બુદ્ધિનો નાશ થવાનું શરૂ થઈ જાય છે. શું થાય છે, સર?

કૃષ્ણમૂર્તિઃ તેને જુઓ, અસિત. તમારી પાસે સારું મગજ છે. તમને એક સારું મગજ વારસામાં મળ્યું છે અને તમે તેને વાપર્યુ પણ છે. તમે તે કામમાં તેનો ઉપયોગ કેમ નથી કરતાં? એવું તો શું છે જે તમને રોકે છે?

અસિત ચાંદમલઃ મને નથી ખબર. એ જ તો મારો સવાલ છે. એથી મને ખૂબ જ આશ્ચર્ય થાય છે.

કૃષ્ણમૂર્તિઃ આશ્ચર્ય ન પામો. (હસતાં હસતાં) તમે એ રીતે ક્યારેય જાણી નહીં શકો. જ્યારે તમારી પાસે સારું મગજ છે તો તે નષ્ટ શા માટે થઈ રહ્યું છે? હું તમારા મગજની વાત નથી કરી રહ્યો, પરંતુ....

અસિત ચાંદમલઃ નહીં, નહીં. એવું થઈ રહ્યું છે. હું જોઈ શકું છું કે એક મગજને, એક માણસને આ બધું મળે છે અને છતાં તે જુદી દિશામાં ચાલ્યો જાય છે, જો કે તે એ જોઈ રહ્યો છે કે તે ખોટી દિશામાં જઈ રહ્યો છે. શા માટે?

કૃષ્ણમૂર્તિઃ અને છતાં પણ તે પોતાને રોકી નથી શકતો?

પ. કૃષ્ણાઃ આ કોઈ સ્વૈચ્છિક ઘટના નથી સર, તે સ્વેચ્છા મુજબ નથી થતું.

કૃષ્ણમૂર્તિઃ તમારા કહેવાનો આશય શું છે?

અસિત ચાંદમલઃ આ શરીરમાં, મગજમાં કે મનમાં, એ જોઈને પણ કે જે દિશામાં તે જઈ રહ્યું છે તે યોગ્ય નથી છતાં એવું શું છે કે જે તેને એક જુદી જ દિશામાં જવા માટે વિવશ કરે છે?

કૃષ્ણમૂર્તિઃ ઉત્તર દિશામાં જવાને બદલે તે દક્ષિણ દિશામાં શા માટે જાય છે?

અસિત ચાંદમલઃ જ્યારે એ તો બાળપણથી જ જાણે છે કે કઈ દિશા સાચી છે , એવું શા માટે થાય છે?

પ. કૃષ્ણાઃ સાચી દિશા જેવી કોઈ વસ્તુ નથી હોતી.

સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખતાવાલાના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખતાવાલા, રેવા લોજ, વડોદરા

કૃષ્ણમૂર્તિઃ હંમ..

પ. કૃષ્ણાઃ સાચી દિશા જેવી કોઈ વસ્તુ હોય છે, એ વાત પર મને પ્રશ્ન થાય છે.

અસિત ચાંદમલઃ પણ ખોટી દિશાઓ હોય છે!

કૃષ્ણમૂર્તિઃ નહીં, નહીં! તમે આ વ્યક્તિને સાંભળી નથી! તમે તમારા વિચારોમાં જ ચાલતા રહો છો! તેઓ કહે છે કે બાળપણથી, છ વર્ષની ઉંમરથી, તેમણે ખબર છે કે સાચી દિશા ઉત્તર તરફ છે, છતાં પણ હું જે કાંઈ કરી રહ્યો છું તે માંને દક્ષિણ બાજુ લઈ જાય છે. એવું તેઓ કહે છે, આમ થઈ રહ્યું છે. હું ઉત્તર દિશામાં કેમ નથી જતો? એ જ વાત તેઓ પૂછે છે. શું રોકે છે આપણને? હું તમને એક ડઝન કારણો જણાવી શકું છું, પરંતુ તે તથ્ય નથી. તથ્ય શું છે? એ બધાને લાગુ પડે છે. શું આપણે સ્વાભાવિકપણે, ખૂબ જ ઊંડાણમાં આળસનો શિકાર બનીએ છીએ? આપણને આ જડતાની ટેવ પડી ગઈ છે?

અસિત ચાંદમલઃ એ સહેલી રીત છે, સાવ સહેલી.

પ. કૃષ્ણાઃ હા, જ્યારે આપણે આ ક્ષેત્રમાં હોઈએ છીએ અને સ્પષ્ટપણે આપણે છીએ.

કૃષ્ણમૂર્તિઃ તેનો અર્થ એ થયો કે આપણે આરામ શોધી રહ્યા છીએ.

અસિત ચાંદમલઃ હા.

કૃષ્ણમૂર્તિઃ માનસિક સ્તરે આપણે આરામ શોધીએ છીએ અને આળસની એ કઢંગી અવસ્થામાં આરામથી રહેવા ઇચ્છીએ છીએ.

આસિત ચાંદમલઃ શા માટે?

કૃષ્ણમૂર્તિઃ હંમ..

અસિત ચાંદમલઃ શા માટે સર? તેનો અર્થ એ થયો કે આટલા વર્ષો સુધી કોઈ વાત અંદર નથી ગઈ, ન ચેતન કે ન અચેતન સ્તર પર.

કૃષ્ણમૂર્તિઃ શા માટે સર? તમે જાતે જ તેનો ઉત્તર આપો!

પ. કૃષ્ણાઃ મને લાગે છે કે અનિશ્ચિતતાને લીધે આપણે અનુકરણ કરીએ છીએ.

અસિત ચાંદમલઃ છ, આઠ, દસથી લઈને લગભગ ઓગણીસ, વીસ વર્ષની ઉંમર સુધી તે વિષે કોઈ વિરોધ નહોતો. હું જાણું છું.

કૃષ્ણમૂર્તિઃ હું જાણું છું. એવું બની શકે કે કોઈ યુરોપીય શિક્ષણને લીધે એવું હોય!

અસિત ચાંદમલઃ પણ શું તે એની સરખામણીએ વધારે મજબૂત હોય શકે કે જે...

કૃષ્ણમૂર્તિઃ નહીં, નહીં! તેને જુઓ! તે ઘણું વધારે મજબૂત છે. પશ્ચિમી સભ્યતાની પકડ પૂર્વની સભ્યતા કરતાં ઘણી વધારે મજબૂત છે. તેમની પાસે ઉદ્યોગ છે, ધન છે, આરામ છે, તમે સમજો છો? તેનું આકર્ષણ ઘણું વધારે છે. હું એમ નથી કહેતો કે તમે તેમાં ફસાઈ ગયા છો, પરંતુ આપણને આરામની એ કઢંગી આળસ ગમે છે.

અસિત ચાંદમલઃ બસ એટલું જ?

કૃષ્ણમૂર્તિઃ હોઈ શકે છે. આ એક મૂળભૂત કારણ હોઈ શકે છે. તમારી પાસે મીણબત્તી છે, તમારી પાસે બાકસ છે, પણ હે ભગવાન! કોણ ઊઠીને તેને સળગાવે! (હસતાં હસતાં)

પ. કૃષ્ણાઃ પણ શું આ છેવટે તો અંતર્દષ્ટિના અભાવમાં જ નથી થઈ રહ્યું?

કૃષ્ણમૂર્તિઃ નહીં, નહીં!

પ. કૃષ્ણાઃ હા, કારણ કે જો એ તેને એક ખીણ હોય તે રીતે દેખાય તો તેની પાસે ઘણી ઊર્જા છે, પણ તે કામમાં આવી નથી રહી! જાણે કે તમે એમ કહેતા હો કે, તે મીણબત્તી નથી સળગાવી રહ્યો! તે સળગાવવા નથી ઈચ્છતો, આમ તો તે જરૂર પડ્યે આખી ધરતી પર ઉથલપાથલ કરવા માટે તૈયાર છે!

કૃષ્ણમૂર્તિઃ નહીં, કારણ કે ઊઠીને મીણબત્તી સળગાવવામાં ભયાનક જોખમ પણ હોઇ શકે છે. (ક્રમશઃ)

**સ્વ. શ્રી જયેશભાઈ જશવંતરય દેસાઈના સ્મરણાર્થે**
**સૌજન્ય : ડો. અનસૂયા જે, દેસાઈ, અમદાવાદ લોજ**

## સંતરામ થિયોસોફિકલ લોજ,નડિયાદ આયોજિત
## ''કાર્ય સંહિતા શિબિર''

પ્રસ્તુતિ
શ્રી મકવાણા અમિતકુમાર કાંતિભાઈ
સંતરામ લોજ, નડિયાદ



ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન ભાવનગરના ઉપક્રમે ૨૦૨૪ ઓગસ્ટની ૪ થી તારીખે કુ. રેષા કન્યા છાત્રાલય ખાતે શ્રી સંતરામ થિયોસોફિકલ લોજ નડિયાદમાં એક કાર્ય સંહિતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સંતરામ લોજના પ્રમુખ શ્રી ગોરધનભાઈ પ્રજાપતિ, આ સમારંભના પ્રમુખ અને GTF ના ઉપપ્રમુખ શ્રી નરસિંહભાઈ ઠાકરિયા તથા GTF ના મંત્રી અને શિબિરના મુખ્ય અતિથિ શ્રી છબીલદાસ સોની તથા સુરત, અમદાવાદ, રાજપીપળા વગેરે લોજોમાંથી બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ઇકબાલ મેમણે ઉપસ્થિત સહુનું સ્વાગત કર્યું હતું. શ્રી સોનીજીએ પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ કર્યો. સંતરામ લોજના પૂર્વ પ્રમુખ શ્રી મનુભાઈ રાઠોડ દ્વારા આમંત્રિતોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય પછી સંતરામ લોજના ઉપપ્રમુખ શ્રી દશરથભાઈ બારોટે મહેમાનોનો પરિચય આપ્યો.

આ શિબિરમાં સંતરામ લોજના પ્રમુખ શ્રી ગોરધનભાઈ પ્રજાપતિ, નેશનલ લેક્ચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, મુખ્ય અતિથિ અને જીટીએફના મંત્રી શ્રી છબીલદાસ સોનીજી, લોજના મંત્રી શ્રી અરવિંદભાઈ કા. પટેલ, શ્રી નરેન્દ્રભાઇ નકુમ વગેરે મહાનુભાવોએ મનનીય વ્યક્તવ્યો આપ્યા હતા તેમજ આ સહુએ કાર્ય સંહિતા શિબિરની અનેકવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. શિબિરને અંતે શ્રી પ્રતીકભાઈ શ્રીમાળી અને સુશ્રી ઊર્મિલાબેન સુથારે સહુનો આભાર માન્યો હતો. રાષ્ટ્રગીત સાથે શિબિર સંપન્ન થઈ હતી.

૦૦૦

## અડ્યાર દિવસ : ૧૭ ફેબ્રુઆરી

પ્રસ્તુતિ
શ્રી દેવેન્દ્ર એચ. પરિખ
અમદાવાદ લોજ
મો.નં. ૯૪૨૯૯૨૬૯૩૩

(થિયો. સો. આફ્રિકા, ઈસ્ટ એન્ડ સેન્ટ્રલ સેક્શનના જનરલ સેક્રેટરી શ્રી નરેન્દ્ર શાહ દ્વારા આ લેખ લખવામાં આવ્યો છે. આ લેખનો ભાવાનુવાદ અમદાવાદ લોજના શ્રી દેવેન્દ્રભાઈ પરિખે કર્યો છે.) ઈ.સ. ૧૯૮૪માં જ્યારે હું પહેલી વાર ૪૦ વર્ષ પહેલાં અડ્યાર ગયો હતો. મને આજે પણ મારી પ્રથમ મુલાકાત વખતે અડ્યાર મને વિવિધ સ્વરૂપે શારીરિક, માનસિક, લાગણીઓથી અને આધ્યાત્મિક રીતે સ્પર્શી ગયું હતું. તે વખતે મારા અંતર સુધી સ્પર્શી ગયું. મને લાગે છે કે અડ્યારની મુલાકાત લીધા પછી ત્યાંથી પાછી ફરતી વ્યક્તિ પહેલાં જેવી રહી શકે તે શક્ય નથી. ત્યારપછી અત્યાર સુધીમાં હું ૧૦ જ વાર અડ્યાર જઈ શક્યો છું. છેલ્લે તો એ૨-દોઢ  માસ પહેલાં જ. પછી ત્યાં મને શ્રી પ્રદીપજી મહાપાત્રાએ કહ્યું કે અડ્યાર દિવસ વિષે એક વાર્તાલાપ આપું. મેં બહુ જ જલ્દી થોડુંક વિચારીને તેમ કરવાનું સ્વીકારી લીધું. મારે માટે અડ્યાર મારા ગુરૂઓનું નિવાસસ્થાન છે અને વંદના માટેનું મંદિરનું ગર્ભગૃહ છે. એ એવું સ્થાન છે જે મને અંદરથી દૈવી તત્વ સાથે જોડી દે છે તેવી લાગણી થાય છે. એ એક એવું સ્થળ છે કે જે મને અસ્તિત્વનાં રહસ્યો વિષે ઉંડાણથી વિચારવા પ્રેરે છે. તે એક એવું સ્થળ છે જ્યાં મને વારંવાર જવાનું ગમે છે – મન થાય છે.

તો મિત્રો, આપણે એ જાણવું જોઈએ કે અડ્યારમાં એવું ખાસ શું છે? પૂર્વનો ઈતિહાસ અને પૂર્વ પશ્ચાત ભૂમિકા. ઈ.સ. ૧૮૭૧ના નવેમ્બરની ૧૭મી તારીખે Madame H.P. Blavatsky અને Colnel H.S.Olcott દ્વારા ન્યૂયોર્કમાં થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના થઈ. તેના સ્થાપકોને તેમના મહાત્માઓ દ્વારા એવું સૂચવવામાં આવ્યું કે તેનું વડું મથક ન્યૂયોર્કથી ખસેડી પૂર્વમાં ભારત ખાતે લઈ જવું. જીવોની એકતા અને માનવીની પૂર્ણતા માટે દૈવી જ્ઞાન-ડહાપણ-શાણપણ માટે, માનવજાત માટે ઉચ્ચતમ વિચારણા અને ઉમદા જીવન માટે તેઓ પૃથ્વી ઉપર એવું સ્થળ શોધી રહ્યા હતા જે વિશ્વ સ્તરે ઉપરોક્ત હેતુઓ પાર પાડવા એક કેન્દ્ર બની રહે. આવા સ્થળની શોધમાં તેઓ ભારત આવ્યાં અને ૧૪-૦૨-૧૮૭૯ના રોજ મુંબઈ આવ્યાં. આ બે સ્થાપકોના સ્વાગતમાં મુંબઈ ખાતે એક સ્વાગત સમારંભ પણ યોજાયો. ત્યાંથી પછી તેઓ થિયોસોફિકલ સોસાયટીના વડામથક માટેની જગ્યાની શોધમાં ભારતમાં શહેરો અને નગરો ફર્યા.

૩ વર્ષની શોધખોળની આ દોડધામ પછી ૩૧-૦૫-૧૮૮૨ના રોજ દક્ષિણ ભારતમાં ચેન્નઈ આવી પહોંચ્યા કે જ્યાં બંગાળના ઉપસાગરને અડ્યાર નદી મળે છે. અહીં બાગ-બગીચા અને મહાલય જેવા આવાસો જોઈને H.P. Blavatsky ધ્યાનમગ્ન થઈ ગયા અને આશ્ચર્યચકિત થઈ બોલી ઊઠ્યા, ''આ જ એ સ્થળ છે જેની મને તલાશ હતી. અને Col. H.S.Olcott એ તેમની જૂની ડાયરીના પાનાઓમાં લખ્યું છે તેમ આપણું ભવિષ્યનું નિવાસસ્થાન મળી ગયું છે. આ એસ્ટેટ વનરાજીથી ભરેલું હતું. તેનો વિસ્તાર ૨૮ એકરનો હતો. વળી ત્યાં આંબા અને વડનાં વૃક્ષો હતાં. બગીચાઓની આસપાસ ભવ્ય બંગલા અને ૨ નાનાં મકાનો પણ રહેઠાણ માટે બનાવ્યા હતાં. આ જગ્યા Huddle Stone's ગાર્ડન્સ તરીકે ઓળખાય છે. આ જગ્યાની કિંમત નામપૂરતી અને પોસાય તેવી હતી. તે વખતના બ્રિટીશ ૬૦૦ પાઉન્ડ ભારતીય ૮૫૦૦ રૂપિયા. તે રકમ સોસાયટીના સભ્યો પાસેથી લોન રૂપે એકઠી કરાઈ. સ્થાપકોએ આ જગ્યાએ ૧૯-૧૨-૧૮૮૨ના રોજ વસવાટ શરૂ કર્યો અને ૦૧-૦૧-૧૮૮૪ સુધીમાં તો પેલી લોન પણ ચૂકતે થઈ ગઈ હતી.

(અનુસંધાન પાન ૧૬ પર)

સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી.કે.સોની), શ્રીરામ લોજ, હિંમતનગર

## ધ હિડન સાઈડ ઓફ ધ થીંગ્સ

વસ્તુઓની ગૂઢ બાજુ

સી.ડબલ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લોજ

# આપણાં આનંદ પ્રમોદની આપણાં પર થતી અસરો

### બાળકોની રમતો

બાળકોની રમતોની પણ પોતાની છૂપી બાજુ હોય છે. વાલી તરીકે આપણે આ રમતોને માત્ર પાર્થિવ જગતની દષ્ટિએ જ જોઈએ છીએ. આપણને કાં તો આવી રમતો નથી ગમતી કેમ કે તે કપડાં ખરાબ કરે છે કાં તો સ્કૂલનું હોમવર્ક કરવામાં તે બાધા પેદા કરે છે. જો આપણને આવી રમતો ગમતી હોય તો તેની પાછળનાં કારણોમાંનું એક કારણ એ હોય છે કે બાળક અમુક કલાકો માટે આપણાંથી દૂર રહેતું હોય છે અથવા તો તે બાળકને જોઈતી શારીરિક કસરત પૂરી પાડે છે. ઘણીવાર વાલીઓ રમત-ગમતની પ્રવૃત્તિઓને સામાજિક કે ધાર્મિક દૃષ્ટિકોણથી પણ પરવાનગી આપે છે. પરંતુ મોટાં ભાગનાં લોકો તેને જરૂરી વ્યસન તરીકે જુએ છે.

તેઓ એ બાબત નથી જાણતાં કે જીવનમાં રમત-ગમતનું ખૂબ જ મૂલ્ય છે. આત્મસમ્માન, નિઃસ્વાર્થતા અને ભાઈચારાની ભાવના તે ખીલવે છે. રમતનાં નિયમોને વળગી રહેવાથી તે આત્મ-સમ્માન ખીલવે છે. નિયમો તોડવાથી જો જીત મળે તો તે સમ્માનપૂર્વકની નથી હોતી. આવી સફળતા કે જીત તો ડાઘ જેવી હોય છે. પછી ભલે તેની જાણ બધાંને હોય કે માત્ર નિયમ તોડનારને જ હોય પરંતુ તે ડાઘ જ રહે છે. કોઈ પણ રમતમાં જીતવા માટે જરૂરી છે કે પોતાના વિશે વિચાર્યા કરતાં દરેક ખેલાડી ટીમ વિષે વિચારે અને આ રીતે તેનામાં નિઃસ્વાર્થની ભાવના પેદા થાય છે. દરેક ખેલાડી પોતાની ટીમ વિષે વિચારતો થાય છે. આપણે જોઈએ છીએ કે ક્રિકેટની ટીમમાં બધા કેપ્ટનને ખૂબ જ આજ્ઞાંકિત હોય છે. આ બાબત બીજી રમતોમાં પણ જોવા મળે છે. આ ખૂબ જ મૂલ્યવાન તાલીમ છે. ટીમ પ્રત્યે દરેક જણ વફાદાર હોય છે અને પોતાને મળેલી જવાબદારીને પૂરી રીતે નિભાવે છે. પોતાની વ્યક્તિગત ઈચ્છાને બદલે તે પૂરી ટીમ વિષે વિચારે છે. તે બીજાના માટે ઉદારભાવ શિખવે છે તેમજ જ્યારે પણ શંકાશીલ પરિસ્થિતિ આવી પડે તો તેનો ફાયદો વિરોધી ટીમને આપી દેવો તે પણ શીખવે છે. તેઓ આધ્યાત્મિક રીતે મળતો ફાયદો તરત લઈ લેતાં નથી. આ બધાં ગુણો ખૂબ જ અગત્યનાં છે.

બાળકનાં મન પર એ વાત પ્રસ્થાપિત થવી જોઈએ કે ભલે હંમેશા તેણે પોતાના શ્રેષ્ઠ પ્રયત્નો કરવા જોઈએ પરંતુ તે છતાંય જો તેને જીત ન મળે તો તેણે ચિંતા કરવાની જરૂર નથી કેમ કે રમતગમતથી મળેલી કસરત અને આનંદ બંને પક્ષોએ (જીતનાર અને હારનાર) સમાન હોય છે. નીતિપૂર્વક રમવાની સાથે સાથે તેણે પોતાની રમતમાં ઔદાર્ય પણ રાખવું જોઈએ. વિરોધપક્ષ તરફથી જો સારી રમતનું પ્રદર્શન થાય તો તેણે તેને પણ સમર્થન આપવું જોઈએ. હારનાર વ્યકિત્તનું ક્યારેય પણ અપમાન કરવું ન જોઈએ. હારનાર વ્યક્તિ ઓછામાં ઓછી નિરાશા અનુભવે તેવાં પ્રયત્નો તેણે કરવા જોઈએ.

એ વાત પણ સાચી છે કે બીજાં હારનાર માટે હંમેશા આવું નથી કરતાં, પરંતુ હારનારે આ બાબતથી વ્યથિત થવાની કે ગુસ્સે થવાની જરૂર નથી કેમ કે તે તો એ બતાવે છે કે સામેની વ્યક્તિ માનસિક કક્ષાએ હજુ વિકસીત થઈ નથી. બાળકોએ હંમેશા જીતનો આનંદ જ લેતાં શીખવું જોઈએ. પરંતુ સામે એ પણ શીખવું જોઈએ કે તેમનો આનંદ બીજાને વધારે દુઃખી ન કરે.

એક ક્ષણ માટે પણ તેણે ક્યારેય પણ બીજાને દુઃખી કરતી બાબતોમાં આનંદ અનુભવવો ન જોઈએ. પછી તે તેનો જ સ્કૂલનો સહઅભ્યાસુ હોય કે કોઈ પશુ હોય. ઘણાં બાળકોમાં બીજા બાળકો કે પશુઓને હેરાન કરવાની વૃત્તિ હોય છે જે તેમની ક્રૂરતા દર્શાવે છે. આપણે બાળકોને સમજાવવું જોઈએ કે કોઈ પણ પ્રકારની ક્રૂરતા એ ગુનો જ છે. જે-તે બાળક કે પશુની જગ્યાએ તેણે પોતાની જાતને મૂકવી જોઈએ અને આ બાબતને સમજવી જોઈએ.

શૌર્યતાનું એક ઉદાહરણ લેડબીટર સાહેબે એક કોલેજની બોટ-રેસ દરમિયાન જોયું હતું. કોઈ એક કોલેજે ઘણાં વર્ષો સુધી આ બોટ-રેસમાં વિજયીપદ કાયમ ચાલુ રાખ્યુ હતું. પરંતુ આ વખતની બોટ-રેસમાં બીજી કોઈ કોલેજ વિજયી બની. વિજયી કોલેજનાં વિદ્યાર્થીઓ ઉત્સવનાં મિજાજમાં આવી ગયા હતાં. તેઓ સ્પર્ધામાં ઉપયોગમાં આવેલી બોટ, હલેસાં વગેરેને ઘરે લઈ જવા લાગ્યાં. તેઓએ એક સરઘસ કાઢ્યું અને આ સરઘસ હારેલી ટીમની નજીકથી પસાર થયું. જેવાં તેઓ હારેલી ટીમની નજીકથી પસાર થયાં કે સરઘસનો અવાજ મંદ પડી ગયો અને તેમણે તેમની ધજા અને હલેસા નીચા કરી દીધાં. લેડબીટર સાહેબે તેની તપાસ કરાવી તો તેમને જાણવા મળ્યું કે ભલે સામેની ટીમ અત્યારે હારી ગઈ હોય પરંતુ તેઓ અત્યાર સુધીના ચેમ્પીયન છે. આથી તેમનું માનભંગ ન થાય તે માટે વિજેતા ટીમ કોઈ સામાન્ય વિદ્યાર્થીઓ પસાર થતાં હોય તેમ પસાર થવાં લાગ્યા, પરંતુ હારેલી ટીમ તુરંત જ આ બાબત પારખી જાય છે અને તેઓ વિજેતા ટીમનો ઉત્સાહ વધારવા માટે પોતે બહાર આવે છે અને તેમને વધાવે છે. હારેલી ટીમનો કેપ્ટન પોતે પોતાના કોલેજનો ધ્વજ માનભેર નીચે ઉતારી લે છે અને નસીબે જે કાંઈ પણ આપ્યું તેને ઉત્સાહપૂર્વક સ્વીકારી લે છે. આ પ્રસંગ જોઈને લેડબીટર સાહેબ ખૂબ જ ખુશ થઈ જાય છે. આવી ખેલદીલી દરેક મનુષ્યનાં સ્વભાવમાં હોવી જોઈએ.

### રમત

દુર્ભાગ્યવશ પુખ્ત વયનાં લોકોનો આનંદ બાળકો જેટલો નિર્દોષ અને બિનહાનિકારક હોતો નથી. અહીં ક્રિકેટ કે ગોલ્ફ જેવી રમતોની ટીકા નથી કરવી કે પછી સ્વીમીંગ કે નૌકાસ્પર્ધાનાં વખાણ પણ નથી કરવા. આવી રમતોથી ઈથરિક, એસ્ટ્રલ અને માનસિક શરીરો નેચર-સ્પીરીટ્સનાં ગાઢ સંપર્કમાં આવે છે. આ હંમેશા સારું છે કેમ કે આનાથી આપણાં વિવિધ શરીરો તંદુરસ્ત બને છે.

પરંતુ રમતનાં નામ પર ઘણી વખત જે ક્રૂરતા આચરવામાં આવે છે તે ઘણી ખરાબ વાત છે. કહેવાની જરૂર નથી કે પ્રાણીઓના શિકારને આપણે રમત-ગમત સાથે જોડીને આપણે માનવતાનું સ્તર નીચું લાવી દીધું છે. આ સમગ્ર વસ્તુ શબ્દોમાં વર્ણવી ન શકાય તેવી ભયાનક છે અને એ વાત સમજવી જ મુશ્કેલ છે કે પોતાની જાતને સુસંસ્કૃત અને મોટા હૃદયવાળા માનતાં લોકો આવી ઘાતકી પ્રવૃત્તિમાં ભાગ કેવી રીતે લઈ શકે છે. એટલું જ નહીં પરંતુ તમને આવી ક્રૂરતા અને રક્તપાતથી આનંદ આવતો હોય છે. આવો શેતાની આનંદ લેવા માટે પાછા તેઓ એકબીજા સાથે ઝઘડતા પણ હોય છે.

કોઈ પણ દેશ કે જેમાં આવી ક્રૂરતા આચરવામાં આવતી હોય તેઓ પોતાને સંસ્કૃત ગણાવી ન શકે. જ્યારે આપણાં વંશજો આપણી આ પ્રવૃત્તિ પર નજર કરશે ત્યારે આપણે આચરેલી બર્બરતા પર આશ્ચર્ય વ્યક્ત કરશે.

શિકારની પ્રવૃત્તિ હંમેશા નિંદાને પાત્ર છે. શિયાળ, હરણાં કે સસલાંને દુઃખ, પિડા અને મોત આપે છે એટલું જ નહીં પરંતુ આવાં શિકારની પ્રવૃત્તિ માટે કૂતરાંઓને તાલીમ આપવામાં જે ક્રૂરતા આચરવામાં આવે છે તે પણ ભયાનક પરિણામો લાવે છે. કૂતરું એક પાલતુ પ્રાણી છે. મનુષ્યની હાજરીથી તે પોતાનો વિકાસ ઘણી સારી રીતે કરી શકે છે. પરંતુ મનુષ્ય તેનો વિકાસ કરવાને બદલે તેનો વિકાસ રૂંધે છે. જ્યારે કોઈ પ્રાણીને વાઘ કે વરૂ કરતાં પણ વધુ વિકરાળ બનવાની તાલીમ આપવામાં આવે છે ત્યારે તે માત્ર ખોરાક મેળવવા માટે નથી મારતાં શીખતું પરંતુ માત્ર વાસના અને આનંદ માટે મારતાં શીખે છે. ''આવું અમૂલ્ય જીવન કે જે બધાં છીનવી શકે છે પરંતુ કોઈ પણ આપી શકતું નથી.'' તેની છીનવાની પ્રવૃત્તિ તેમાં ભાગ લેનાર દરેક પર અને તેની પરવાનગી આપનાર દરેક દેશ પર કર્મની ખરાબ અસર લાવે છે.

(ક્રમશઃ)

# અજયભાઈ હોરા-શ્રદ્ધાંજલિ

પ્રસ્તુતિ

**શ્રી અતુલભાઈ દરજી**
**વ્યવસ્થાપક**
**થિયો. જ્યોતિ, વડોદરા**

જેમના તાજેતરના અવસાનથી ગુજરાત, મહારાષ્ટ્ર તેમજ દેશના અન્ય ફેડરેશનના થિયોસોફીના સભ્યોના મનમાં શૂન્યતા સર્જાઈ છે. તેવા એક મહાન થિયોસોફિસ્ટ અને આધ્યાત્મિક માર્ગદર્શક શ્રી અજયભાઈ હોરાને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. તેમનું જીવન તેમણે અપનાવેલા ગહન સત્યોનું પ્રમાણ હતું અને તેમની હાજરી શાણપણ, પ્રેમ અને આધ્યાત્મિક માર્ગદર્શનની દીવાદાંડી હતી.



ડો. અજયભાઈનો જન્મ ૭ મે ૧૯૩૬માં થયો. તે સમયે ડોક્ટર તેમજ તેમના પિતાશ્રી સાથેની વાતચીત, મુગ્ધાબાએ સાંભળી હતી અને ડોક્ટર સાહેબને કહ્યું કે તમે કહો છો કે બેમાંથી એકને જ બચાવી શકાય, તમે ચિંતા ન કરો, મને કાંઈ નહીં થાય. તેમણે આયુર્વેદિક અને એલોપેથીની કમબાઈન્ડ ડીગ્રી મેળવી ડોક્ટર તરીકે કારકીર્દીની શરૂઆત કરી. સ્વાતંત્ર્ય સેનાની ચતુર્વેદી પરિવારની પુત્રી ઉર્જાબેન સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. કુટુંબમાં પુત્ર શૌનક, પુત્રવધુ શ્રુતિ તેમજ તેમના પુત્ર-પુત્રી સર્વે ડોક્ટરના વ્યવસાય સાથે જોડાયેલા છે.

અજયભાઈ તેમની મેડિકલ કારકીર્દીમાં ગરીબ અને તવંગર વચ્ચે કોઈ ભેદભાવ ન રાખતા. તેઓ કોઈ પાસે ફીની માંગણી કરતા નહીં. જે વ્યક્તિ ડોક્ટરની ફી આપવા માંગતા હોય તે જે આપે તે તેઓ લેતા હતા. તેઓએ થિયોસોફીને પૂર્ણરૂપે પચાવી હતી અને થિયોસોફીને સમર્પિત રહ્યા હતા.

તેઓ ગુરૂદેવ ગોષ્ઠિના અધ્યક્ષસ્થાને રહી વિવિધ આધ્યાત્મિક પુસ્તકોમાંથી હંમેશા શ્રેષ્ઠ નિચોડ આપતા રહ્યા છે. ''મૃત્યુની પાનખરમાં વસંત'' પુસ્તક ડો. ઉષાબેન ચતુર્વેદી દ્વારા તેમની ૧૩ વર્ષની પુત્રીના નિધન વિષે છે તેમાંથી ઘણા બધાં આધ્યાત્મિક રહસ્યો જાણી શકાય છે. શ્રુતિના નિધન બાદ તેઓ તેમના સંપર્કની જાણ તેઓ ડો. અરૂણ ચતુર્વેદી અને ડો. ઉષા ચતુર્વેદીને કરતા.

તેમના પરિવાર માટે અમે રેવાલોજ વડોદરાના તમામ સભ્યો અમારી ઉંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. જે વ્યક્તિ શક્તિનો આધારસ્તંભ અને ગહનસૂઝનો સ્ત્રોત હતા. તેમના સહભાગી થવું સરળ નથી. તેમના ઉપદેશો અસંખ્ય જીવનને આશ્વાસન અને જ્ઞાન આપે છે. તેમનો વારસો માત્ર તેમણે બોલેલા શબ્દો જ નથી. તેમણે જીવનમાં જે પરિવર્તન કર્યું છે તે સહુના હૃદયને સ્પર્શ્યું છે.

તેમની સત્યની અવિરત શોધ અને સફર થિયોસોફીના પ્રકાશને ફેલાવવા માટેની ઉંડી પ્રતિબદ્ધતા હતી. અમારા સમુદાયોના આધ્યાત્મિક પરિપ્રેક્ષ્ય (ક્ષેત્ર)માં તેમનેના યોગદાનને હંમેશા યાદ કરવામાં આવશે. દિવ્યગુરૂઓ અને શાશ્વત પ્રકાશ તેમના આત્માને શાશ્વત શાંતિ અને માર્ગદર્શન આપવા અગ્રસર છે. ડો. અજય હોરાની ભાવના આપણને પ્રેરણા, માર્ગદર્શન આપતી રહેશે. તેમના ઉપદેશો શક્તિનો સ્ત્રોત અને ઉચ્ચ સત્યોની યાદ અપાવે છે જેને ઉજાગર કરવા માટે તેમણે તેમનું જીવન સમર્પિત કર્યું હતું.

ચાલો આપણે તેમને યાદ કરીએ અને તેઓ જે સિદ્ધાંતોને ચાહે છે તે આધ્યાત્મિક સત્યોની શોધ ચાલુ રાખીએ અને તેમને અનુસરીએ.

તેમના આત્માને શાશ્વત આરામ અને શાંતિ મળે અને તેમને દૈવી પ્રકાશ દ્વારા સ્વીકારવામાં આવે. તે વિષે તેઓ વારંવાર બોલતા હતા. ડો. અજય હોરાની આ પૃથ્વી પરની સફર પૂરી થઈ છે, પરંતુ તેમની ભાવના અને ઉપદેશો હંમેશ માટે અમારા માર્ગોને પ્રકાશિત કરતા રહેશે.

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સુરત.**

## યુવા પ્રવૃત્તિનું પ્રેરક ઝરણું
## ''ભગવાન જે પરિસ્થિતિમાં રાખે તેમાં રહેવું''

પ્રસ્તુતિ
શ્રી સાગરકુમાર સૂર્યકાન્ત પટેલ
પૂર્ણાનંદ લોજ,
પેટલાદ

આ દુનિયાની અંદર મોટાભાગના માણસોની ઈચ્છા હોય છે કે મને સુખ જ પ્રાપ્ત થાય. પરંતુ સદાયને માટે સુખ જ પ્રાપ્ત થાય તેવું બની શકે ખરું? દિવસ જોઈએ છીએ, રાત્રી જોઈતી નથી એવું શક્ય બને? ના બને. એ તો દિવસ પછી રાત્રી અને રાત્રી પછી દિવસ આવ્યા જ કરે. ભરતી પછી ઓટ અને ઓટ પછી ભરતી આવ્યા જ કરે તથા પૂનમ પછી અમાસ અને અમાસ પછી પૂનમ આવ્યા જ કરે. આ તો દુનિયાનો તથા કુદરતનો ક્રમ છે. તેનો સ્વીકાર કરવો જ પડે છે. તેમ આપણને સુખ મળે, દુઃખ આવે જ નહિ તે શક્ય નથી. માણસોને સુખ જ ગમે છે, દુઃખ કોઈને ગમતું નથી. દુઃખ આજે છે તો આપણે ઢીલા પડી જઈએ છીએ. નિરાશ થઈ જઈએ છીએ. પરંતુ ખરેખર તો આપણને ભગવાન દુઃખ આપે તો પણ રાજી રહેવું જોઈએ. ભગવાન સુખ આપે તો છકવું નહિ, છકી જવું નહીં અને દુઃખ આપે તો ડગવું પણ નહીં, નિરાશ પણ થવું નહીં, સહર્ષ તેનો સ્વીકાર કરવો. આવી આપણામાં સમજણ આવે તો આપણે દરેક પરિસ્થિતિમાં આનંદ માણી શકીએ.

એક પ્રસંગ સ્મૃતિપટ ઉપર આવે છે કે એક સંત તેમની યુવાવસ્થામાં એક ધનાઢ્ય વ્યક્તિને ત્યાં ગુલામ હતા. એકવાર માલિકે તેમની પાસે કાકડી મંગાવી. ગુલામ વ્યક્તિ બજારમાંથી કાકડી લઈ આવી અને માલિકને આપી. પરંતુ જ્યાં માલિકે કાકડીનો એક ટૂકડો ખાધો તે ખૂબ જ કડવી લાગી. ત્યારે માલિકે ગુસ્સામાં આવીને પેલી ગુલામ વ્યક્તિને કહ્યું કે તું આ બધી કાકડી અત્યારે જ ખાઈ જા. ગુલામ વ્યક્તિ સહજતાથી તે બધી જ કાકડી ખાવા લાગ્યા. તેથી માલિકે આશ્ચર્યથી પૂછ્યું કે તને આ કાકડી કડવી ના લાગી? ઝેર જેવી કાકડી બધી જ ખાઈ ગયો જાણે કે કાકડી મીઠી હોય....

ત્યારે ગુલામ વ્યક્તિએ જવાબ આપ્યો કે ''માલિક તમે રોજ મને સ્વાદિષ્ટ વાનગીઓ ખાવા આપો છો તો એક દિવસ કોઈ કડવી વસ્તુ આપો તો એ પણ મારે આનંદપૂર્વક આરોગવી જોઈએ.'' ગુલામ વ્યક્તિના આવા સાદા સાધારણ જવાબથી માલિકને વિચાર આવ્યો કે પરમાત્મા કેટલા દયાળુ છે તે આપણને અનેક સુખ સવલત આપે છે, તે ક્યારેક દુઃખ આપે તો એ પણ આપણે રાજી થઈ ખુશ થઈને તેનો સ્વીકાર કરી લેવો જોઈએ.

પછી માલિકે ગુલામ વ્યક્તિને કહ્યું કે, 'આજે તારા લીધે મને નવી જ ધર્મદષ્ટિ મળી છે. માટે આજથી તું ગુલામીમાંથી મુક્ત છે.' આ પ્રસંગ ઉપરથી આપણને શીખવા મળે છે કે ભગવાન આપણને જે પરિસ્થિતિમાં રાખે તેમાં આપણે રાજી રહેવું જોઈએ. સુખ-દુઃખ જે દેખાડે તે જોવું જોઈએ તેથી જ કહ્યું છે કે ભગવાન જે કરે તે સારા માટે કરે છે એ કહેવત આપણે હૈયે રાખો. સારું-ખોટું કે સુખ દુઃખ આવે તે સઘળું બધું સારા માટે જ છે તેમ માની ભગવાનને આંખો

મીંચીને સોંપી દો. અમદાવાદથી મુંબઈ જતી ટ્રેન કાંઈ સીધી મુંબઈ ના પહોંચી જાય તે તો વચમાં નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વલસાડ, નવસારી વગેરે સ્ટેશને ઊભી રહે તે તે સ્ટેશનના માણસોને ઉતારતી જાય અને સ્ટેશનેથી આવતાં પેસેન્જરોને લેતી જાય છે.

તેમ ગૃહસ્થ વ્યક્તિનું ઘર પણ રેલ્વેના ડબ્બા જેવું છે. તેમાં બેઠા પછી સમય થાય ત્યારે કેટલાક યાત્રીઓ ઉતરતા જાય અને કેટલાક નવા આવતા જાય. એટલે મૃત્યુનો સમય આવે ત્યારે નાના કે મોટા જતા જાય અને નવાનો જન્મ થતો જાય, એટલે કે આવતા જાય. પરંતુ કોઈ કાયમ રહેતું નથી. માટે આપણે આવી એ સમજણ દઢ રાખવી જોઈએ કે આપણું ઘર રેલ્વેના ડબ્બા જેવું છે. આ પ્રકારનો જવાબ સાંભળીને પેલા ભાઈ તેમને મનોમન વંદી રહ્યા. સંસારમાં રહી સુખી થવું હોય તો સુખમાં અને દુઃખમાં સમતુલા જાળવવાની કળા શીખવી ખૂબ જરૂરી છે.

જેને ભગવાને આપેલું સુખ પણ ગમે અને દુઃખ પણ ગમે એ સ્થિર મનવાળો વ્યક્તિ કહેવાય. સુખ આવે તોય આનંદથી વધાવી લેવું જોઈએ. ભગવાન આપણને રાખે તેમ રહેવું અને દેખાડે તે જોવું એ આપણા જીવનમાં ઉતારીએ અને સુખ અને દુઃખની પરિસ્થિતિમાં સમભાવ કેળવી જીવન જીવી લેવું જોઈએ.

૦૦૦

## અંબાજી અભ્યાસ વર્ગ

પૂર્ણાનંદ લોજ, થિયોસોફીકલ સોસાયટી, પેટલાદ દ્વારા તા. ૨૭,૨૮,૨૯ - સપ્ટેમ્બર - ૨૪ ના રોજ અંબાજી ખાતે યોજવામાં આવેલ અભ્યાસ વર્ગ અંગે રજિસ્ટ્રેશન અંગે ની માહિતી.....

રજિસ્ટ્રેશન ફી =₹ ૫૦૦/-,
આવાસ,
ચા નાસ્તો ભોજન.=₹૧૦૦૦/
કુલ. =₹૧૫૦૦/-

ઉપરોક્ત રજિસ્ટ્રેશન ફીની કુલ રકમ તા. ૧૦-૯-૨૪ સુધીમાં નીચે જણાવેલ લોજના એકાઉન્ટ માં જમા કરાવી પોતાનું રજિસ્ટ્રેશન ફાઇનલ કરાવી દેવા ખાસ વિનંતી કરવામાં આવે છે. જેનું રજિસ્ટ્રેશન હશે તેને જ અભ્યાસ વર્ગ માં પ્રવેશ આપવામાં આવશે .

**બેંક વિગત.....**

**Puranand lodge of Theosofical society .**
Account No. 56179001776
IFSC. SBIN0000451
**State Bank of India**
PETLAD Branch (Code - 451)

અભ્યાસવર્ગ સવારે ૯ થી ૧૨ દરમ્યાન જ રહેશે. ત્યારબાદનો સમય મુક્ત મને વિહરવાનો રહેશે.

જે તે લોજના સભ્યો વહેલા તે પહેલાના ધોરણે રજિસ્ટ્રેશન કરાવવા પૂર્ણાનંદ લોજના પ્રમુખ શ્રી સૂર્યકાંતભાઈ ડી. પટેલ ફોન નં. ૯૪૨૭૩૮૬૧૯૮

મંત્રી શ્રી ગિરીશ ''નીલગિરિ''-ફોન નં. ૮૪૬૯૬૪૮૦૭૩ અને ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના સભ્ય શ્રી મનહરભાઈ આર. પટેલ ફોન નં. ૬૩૫૪૪૩૯૪૪૮ પર ફોન પર સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

**- શ્રી ગિરીશ નીલગિરિ**
**સહતંત્રી, થિયો. જ્યોતિ**

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

## ગુજરાત TOSનો વૃક્ષારોપણ કાર્યક્રમ

પ્રસ્તુતિ
**શ્રી ઉદય પાકાવાલા**
**સભ્ય, TOS સુરત**

તારીખ ૧૧ ઓગસ્ટ ૨૦૨૪ રવિવારના રોજ ગુજરાત ટીઓએસ તરફથી કતારગામ બાલાશ્રમ ખાતે વૃક્ષારોપણ નો પ્રશંસનીય કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં બાલાશ્રમ ખાતે (૨૫) નંગ મેંગો ટ્રી નું ઉપસ્થિત મહેમાનો તથા સર્વ સભ્યો દ્વારા આરોપણ કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત કાર્યક્રમમાં ગુજરાત TOS પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલ, નેશનલ લેક્ચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, TOSના પૂર્વ પ્રમુખશ્રી કાંતિભાઈ પટેલ, TOS ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઈ સરડવા, સનાતન લોજના પ્રમુખશ્રી ઉદય પાકાવાલા , ખજાનચી શ્રી મનસુખભાઈ દોમડિયા,સુશ્રી પ્રતિભાબેન પારેખ, ડો. દીપિકાબેન પાઠકજી, શ્રી રંજનભાઇ ઠક્કર, સુશ્રી ભારતીબેન પારેખ તથા અન્ય માનવંતા  સભ્યોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં નીચે મુજબ પ્રતિભાવો અપાયા હતા.

**શ્રી નરસિંહભાઈ ઠાકરિયાઃ** તેમણે પર્યાવરણની જાળવણી અને કુદરતી સંપત્તિના સંવર્ધનની ખૂબ સુંદર સમજણ આપી હતી.

**શ્રી હિતેશભાઈ પટેલઃ** તેમણે ગુજરાત ટીઓએસના ગ્રીનએનર્જી સ્થાપિત કરવાના સંકલ્પને અન્ય TOS લોજો સુધી વિસ્તારવાની નેમ જાહેર કરી હતી.

**ડો. દીપિકાબેન પાઠકજીઃ** તેમણે ગુજરાત TOS ના સેવાકીય પ્રકલ્પોની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

**સુશ્રી પ્રતિભાબેન પારેખઃ** તેમણે પર્યાવરણની જાળવણીના આ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

**શ્રી ઉદય પાકાવાલાઃ** તેમણે ગુજરાત TOS ના સેવા પ્રકલ્પોની માહિતી આપી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સૌનો આભાર માન્યો હતો.

કાર્યક્રમના અંતે સનાતનલોજના ખજાનચી શ્રી મનસુખભાઈ દોમડિયા તરફથી તેમના નવા રીનોવેશન થયેલા કતારગામ ખાતેના નિવાસ્થાને શીખંડ-પૂરી સાથેના પ્રીતિભોજનની  મોજ માણી સૌ સભ્યો TOS ના કાર્યોને બિરદાવતા પોતપોતાના ગંતવ્ય સ્થાને જવા રવાના થયા હતા .

(અનુસંધાન પાન ૧૦ પરથી)

મોટા બંગલામાં વડું મથક બનાવાયું. તે મકાન માટેના દસ્તાવેજમાં જણાવ્યા પ્રમાણે હાલ ૨૨૨ વર્ષનું થયું છે. છતાં આજે પણ તે મજબૂત હાલતમાં છે. તે મકાનનો ઉપરનો રૂમ સૌ પ્રથમ Madame Blavatsky એ ઘણા દસકાઓ સુધી રાખ્યો અને હાલમાં HAS પ્રમુખના કાર્યાલયનો જ તે એક ભાગ છે. સન ૧૮૮૫માં Colonel Olett એ ભોંયતળીયામાં હોલમાં બાજુના વરંડાને લંબાવીને તેને પહોળો અને વિસ્તૃત કર્યો. આમ કરવાથી T આકારનો દેખાવા લાગ્યો. સ્થાપત્યની દષ્ટિએ તે એક બેનમૂન આયોજન હતું. વળી નજીકમાં યોજાનાર વાર્ષિક સંમેલન માટેનો તે એક સુંદર સભાખંડ લાગતો હતો. સન ૧૮૮૫માં જ પ્રથમ વાર્ષિક સંમેલન હતું. પૂર્વ તરફના છેડે એક નવી પાંખ બનાવાઈ. તેની બહારની બાજુએ ૮ મહાકાય હાથીઓની કૃતિથી તેને શરણાગારાઈ જે આજે વડા મથકના મકાન તરીકે ઓળખાય છે. સન ૧૮૮૬ના સંમેલન વખતે લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન થયું. તે પાંખમાં તે ૮૦થી વધુ વર્ષોથી ત્યાં છે. વર્ષો જતાં મકાનમાં ઘણા સુધારા-વધારા કરાયા છે અને પ્રસંગોપાત વડા મથકનું મકાન હવે વર્તમાન નયનગમ્ય આકાર અને કદ તે પ્રાપ્ત કરી ચૂક્યું છે.

(ક્રમશઃ)

સ્વ. રંજનબેન દેવેન્દ્રકુમાર પરીખની યાદમાં........
સૌજન્ય : દેવેન્દ્ર, તારક, અપેક્ષા, ખુશી તથા નંદીની પરીખના જય શ્રી કૃષ્ણ

## ઋણ સ્વીકાર

થિયોસોફિકલ સોસાયટી રેવા લોજ વડોદરા દ્વારા બ્લેવટ્સ્કી વ્યાખ્યાનમાળાનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. સીક્રેટ ડોક્ટ્રીનના અભ્યાસવર્ગનું ૨૦૨૩ના આયોજન દરમ્યાન શિબિરના વક્તા અને ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના પ્રમુખશ્રી હર્ષવદનભાઈ શેઠે જણાવ્યું કે એચ.પી.બ્લેવેટ્સ્કી દ્વારા અંગ્રેજીમાં ૮૦૦ પાનાનાં દળદાર પુસ્તક સામાન્ય સભ્યો માટે ખૂબ અભ્યાસ માંગી લે તેમ છે. આ પુસ્તકનું ૧૧૦ વર્ષ પહેલાં એક અજ્ઞાત ગુજરાતી થિયોસોફિસ્ટ દ્વારા ગુજરાતી ભાષામાં અનુવાદ કરી પુસ્તક છપાવવામાં આવેલ. સદ્‌ભાગ્યે આ પુસ્તક શ્રી હર્ષવદનભાઈ શેઠ પાસે હોવાથી તેની રજૂઆત કરી ત્યારે સર્વે સભ્યો દ્વારા પુનઃ પ્રકાશનની માંગ કરવામાં આવી કે જેથી દરેક ગુજરાતી સભ્ય તેનો અભ્યાસ કરી શકે.

ગુજ. થિયો. ફેડ.ના પ્રમુખ શ્રી હર્ષવદનભાઈ શેઠ અને મંત્રીશ્રી છબીલદાસ સોની દ્વારા આ માંગણી સ્વીકારવામાં આવી અને આ પુસ્કતકનું પુનઃપ્રકાશન કરવાનું નક્કી કરેલ. એ નવપ્રકાશિત પુસ્તકનું ટૂંક સમયમાં વિમોચન કરવામાં આશે.

આ ભગીરથ કાર્ય માટે રેવા લોજની શિબિરમાં ઉપસ્થિત જે સભ્યોએ દાન આપેલ છે તે આ મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧.શ્રી નરસિંહભાઈ ઠાકરિયા | સનાતન લોજ | ૧૦૦૦૧/- |
| ૨.શ્રી છબીલદાસ સોની | શ્રીરામ લોજ | ૭૦૦૦/- |
| ૩.શ્રી ઋતુરાજ ડી. પંડ્યા | રેવા લોજ | ૫૦૦૦/- |
| ૪.સ્વ.શ્રી નિખીલભાઈ દેસાઈ | રેવા લોજ | ૧૫૦૦/- |
| ૫.શ્રી આનંદશંકર જોષી | રેવા લોજ | ૧૫૦૦/- |
| ૬.શ્રીમતિ ચિતલબેન બી.પટેલ | રેવા લોજ | ૧૦૦૦/- |
| ૭.શ્રી શંકરભાઈ ચેતવાની | રેવા લોજ | ૧૦૦૦/- |
| ૮.શ્રી અશ્વિનભાઈ મિસ્ત્રી | અમદાવાદ લોજ | ૧૦૦૦/- |
| ૯.શ્રી ચીકુ અને લીચી રાજ જોષી | રેવા લોજ | ૫૦૦/- |
| ૧૦. શ્રી નટવરલાલ પટેલ | રેવા લોજ | ૫૦૦/- |
| ૧૧. શ્રીમતી દિપીકાબેન પાઠકજી | સનાતન લોજ | ૫૦૦/- |
| ૧૨.શ્રી નયનભાઈ પુરોહિત | રાજપીપળા લોજ | ૫૦૦/- |
| ૧૩.શ્રી માધુભાઈ એન.વણકર | રાજપીપળા લોજ | ૫૦૦/- |

ગુજરાત થિયોસોફીકલ ફેડરેશન આ તમામ દાતાશ્રીઓનો ખૂબખૂબ આભાર માને છે.

**છબીલદાસ સોની**
**મંત્રીશ્રી**
**ગુજરાત થિયોસોફીકલ ફેડરેશન**

---

**(અનુસંધાન પાન ૩ પરથી)**

સભ્ય આ સ્વીકારવા અથવા નકારવા માટે સ્વતંત્ર છે. થિયોસોફીના ત્રણ હેતુની મંજૂરી એ સભ્યપદની એકમાત્ર શરત છે. HP Blavatsky કે અન્ય કોઈપણ શિક્ષકને કે લેખકને સભ્યો પર તેમના ઉપદેશો અથવા અભિપ્રાયો લાદવાની કોઈ સત્તા નથી. દરેક સભ્યને કોઈપણ વિચારધારાને અનુસરવાનો સમાન અધિકાર છે, પરંતુ અન્ય કોઈને ય પસંદગીની ફરજ પાડવાનો કોઈ અધિકાર નથી. કોઈપણ હોદ્દા માટેના ઉમેદવાર કે કોઈ મતદારને કોઈપણ અભિપ્રાયના કારણે અથવા કોઈપણ વિચારસરણીમાં સભ્યપદના કારણે ઊભા રહેવા અથવા મત આપવા માટે અયોગ્ય ઠેરવી કરી શકાશે નહીં. અહીં અભિપ્રાયો અથવા માન્યતાઓ વિશેષાધિકારો છે અને તેના પર કોઈ દંડ લાદવામાં આવતો નથી. જનરલ કાઉન્સિલના સભ્યો થિયોસોફિકલ સોસાયટીના દરેક સભ્ય અન્ય લોકો માટે સમાજના આ મૂળભૂત સિદ્ધાંતોને જાળવવા, બચાવ કરવા અને તેના પર કાર્ય કરવા અને કોઈપણ વિચારણાને સૌજન્યની મર્યાદામાં, વિચાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનો નિર્ભયપણે ઉપયોગ કરવા વિનંતી કરે છે. **– સંપાદક**

૦૦૦

---

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

# શાખા સમાચાર

● **સંતરામ લોજ, નડિયાદ :** સંતરામ લોજ નડિયાદની તા. ૪-૮-૨૦૨૪ના રોજ સામાન્ય સભા યોજાઈ. તેમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે નીચેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી.

(૧) પ્રમુખ - શ્રી ગોરધનભાઈ બી. પ્રજાપતિ (૨) ઉપપ્રમુખ - શ્રી મનુભાઈ એમ રાઠોડ, શ્રી દશરથભાઈ બારોટ, શ્રીમતિ ઉર્મિલાબેન સુથાર, શ્રી ભરતભાઈ શાહ (૩) મંત્રી - શ્રી અરવિંદભાઈ એન.કા. પટેલ (૪) સલાહકાર - શ્રી નરેન્દ્રભાઈ નકુમ (૫) ખજાનચી - શ્રી હરિભાઈ બી. રોહિત (૬) એસોસિએટ સભ્ય - શ્રી પ્રતીક શ્રીમાળી.

● **ગિરનાર લોજ, જૂનાગઢ :** તા. ૧૮-૮-૨૦૨૪ના રોજ ગિરનાર થિયોસોફિકલ લોજ, જૂનાગઢની મીટીંગ ઉપપ્રમુખ : શ્રી સોહિણીબેન શુકલના નિવાસસ્થાને મળી હતી. જેમાં ભારત સમાજ પૂજા લોજના પ્રમુખ શ્રી નરેશભાઈ ત્રિવેદીના વડપણ હેઠળ યોજાઈ હતી.

દર માસના ચોથા રવિવારે મીટીંગ રાખવાનું નક્કી કરેલ છે. પૂજા વિધાન વખતે લોજના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તથા કાઉન્સીલના મેમ્બર કુ. હેમાબેન શુકલ હાજર રહ્યા હતા.

## THEOSOFICAL SOCIETY

149TH INTERNATIONAL CONVENTION INFORMATION

Theme: Practical Theosophy and the Art of Self-Transformation

The 149th International Convention of the Theosophical Society will be held at the International Headquarters, Adyar, from 31 December 2024 to 4 January 2025 (departure 5 January).

Allmembers of the Society in good standing are welcome to attend as delegates. Non-members are not eligible for accommodation but can register for the Convention and meals at the canteen. The entire programme can also be viewed live free of charge on the YouTube channel, "Theosophical Society Adyar".

## THE INDIAN SECTION

The three-day Indian Section Study Camp on "THE IDEAL OF HUMAN PROGRESSION AND PERFECTION" will be held from 25 to 27 October, 2024 at the Indian Section, HQ, Varanasi. It will be conducted by Sis. VIBHA SAKSENA, National Lecturer of the Indian Section. Members are requested to remit an appropriate amount based on the type of accommodation, they select latest by 1st October 2024.

# શાખા સમાચાર

- **રેવા લોજ, વડોદરા :** ૭મી જુલાઈએ શ્રી ઋતુરાજ પંડ્યા દ્વારા શ્રીગુરૂચરણે પુસ્તકનો અભ્યાસવર્ગ લેવામાં આવ્યો. ૧૪મીએ ''સંગીત એક દિવ્ય કલા'' એ વિષય ઉપર શ્રી મનુભાઈ પટેલે પોતાની સંગીતમય શૈલીમાં વિવિધ રાગોનું મહત્વ અને તેની વિશેષતા વિશે સમજાવ્યું. ૨૧મીએ ગુરૂપૂર્ણિમા નિમિત્તે શ્રી ઋતુરાજ પંડ્યાએ ગુરુ તત્ત્વનું મહત્વ અને ગુરૂપૂર્ણિમાનું રહસ્ય ઉપર પ્રકાશ પાડ્યો. તા. ૨૮મીએ ભારત સમાજ પૂજા અધ્વર્યુ શ્રી નિમેષ પુરોહિત દ્વારા કરાવવામાં આવી.

- **રોહિત લોજ, અમદાવાદ :** ૬ જુલાઈએ ''જે.કૃષ્ણમૂર્તિની નૂતન વિચારણા'' વિષય પર શ્રી હર્ષવદન શેઠે, ૧૩મીએ ''બ્રહ્મવિદ્યા-દેવ સહાય પ્રાપ્તિનો માર્ગ'' વિષય પર ડોક્ટર અનસૂયાબેન દેસાઈએ અને ૨૦મીએ ''બ્રહ્મવિદ્યામાં ડોકિયું'' વિષય પર શ્રી રમેશભાઈ ડોલિયાએ પ્રવચનો આપ્યાં, તથા ૨૮મીએ ભારત સમાજ પૂજા અધ્વર્યુ શ્રીમતી રાજેશ્રીબેન શાહ દ્વારા કરાવવામાં આવી.

- **પૂર્ણાનંદ લોજ, પેટલાદ :** જુલાઈની તા.૧૪મીએ શ્રી સૂર્યકાન્તભાઈ પટેલે ગુરૂપૂર્ણિમાનાં મહત્વ વિશે મનનીય પ્રવચન આપ્યું. શ્રીમતી પ્રતીક્ષાબેન શાહે વ્રત અને પૂજા વિશે વિશિષ્ટ માહિતી આપી. શ્રી પ્રતીક શ્રીમાળીએ નડિયાદની શિબિરમાં સભ્યોને હાજર રહેવા જણાવ્યું. ૨૮મીએ શ્રી ગિરીશ ''નીલગિરિ''એ ''વ્યક્તિ પરિવર્તન અને આધ્યાત્મ'' વિશે પ્રવચન આપ્યું. શ્રી મનહરભાઈ આર. પટેલે આયુર્વેદિક ઔષધિઓ વિશે રસપ્રદ માહિતી આપી, તેમજ ઔષધિઓ મેળવવા સૌ સભ્યોને હાજર રહેવા જણાવ્યું. પ્રાર્થના-ભજન સુશ્રી સુમનબેન પટેલે રજૂ કર્યા.

- **સનાતન લોજ, સુરત :** ૩જી જુલાઈએ શ્રી નરસિંહભાઈ ઠાકરિયાએ ''માનવસેવા સાચી સેવા'' વિષય પર પ્રવચન આપ્યું. મીટિંગ બાદ વક્તાશ્રી તરફથી અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦મીએ પ્રો. ડો. પ્રશાંત શાહે ''મૌન મંદિરના સંસ્મરણો'' વિષય પર પ્રવચન આપ્યું. ત્યારબાદ વક્તાશ્રી તરફથી અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૧મીએ ભારત સમાજ પૂજા અધ્વર્યુ સુશ્રી પ્રતિભાબેન પારેખ દ્વારા કરવામાં આવી. ઉપરોક્ત મિટિંગ બાદ અધ્વર્યુ તરફથી સૌ સભ્યો માટે અલ્પાહાર યોજાયેલ હતો.

- **અમદાવાદ લોજ :** ૫મી જુલાઈએ ડો.વર્ષાબેન પટેલે ''ધ્યાન ગુરૂચરણે'' વિષય પર, ૧૨મીએ સુશ્રી અનસૂયાબેન દેસાઈએ 'બ્રહ્મવિદ્યાનું દિવ્ય દર્શન' પર, ૧૯મીએ ડો. એની બેસન્ટ પર શ્રી હર્ષવદનભાઈ શેઠે અને ૨૬મીએ ''ધ્યાનનો માર્ગ'' વિષય પર શ્રી રમેશભાઈ ડોલિયાએ પ્રવચનો આપ્યા હતાં.

- **સરદાર લોજ, કરમસદ :** ઓગસ્ટ મહિનાના શનિવારે નિયમિત રીતે ચાલતી મિટિંગમાં તા. ૩-૮-૨૦૨૪ના રોજ નવા બનેલા સભ્યોને મંત્રી શ્રી મુકેશભાઈ મકવાણાએ થિયોસોફિકલ સોસાયટી વિશે સમજ આપી. યુગપુરૂષ કૃષ્ણમૂર્તિ પુસ્તકનું વાચન કરવામાં આવ્યું. નડિયાદ સંતરામ લોજ દ્વારા આયોજિત એક દિવસીય શિબિરની માહિતી આપવામાં આવી હતી.


RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Published on 10th of every month.

Printed Matter Periodicals | THEOSOPHIC JYOTI | September-2024

To :

If Undelivered Return to : HARSHAD MANSULKHLAL DAVE
A-201, Milestone Residency, Opp. Nayara Petrol Pump, Vesana-Bhayali Road, Vadodara-391410

## આપણો પુસ્તક પ્રેમ ...




## આમુખ

પ્રસ્તુતિ
**શ્રી પ્રવીણભાઈ માંડલિયા**
**ભાવનગર**

**લેખક : સી.ડબલ્યુ.લેડબીટર**

સી. ડબલ્યુ. લેડબીટરે એમનાં આ પુસ્તકમાં શિષ્યપદના પંથથી માંડીને પૂર્ણપુરુષોની સમીપ લઈ જતી ક્રમિક સોપાનોની જીવનસીડી રજૂ કરેલી છે. તેઓ કહેતા કે જ્યારે કોઈ મનુષ્ય પોતાનું જીવન કોઈપણ ગુરુદેવને સમર્પિત કરે છે ત્યારે તેના દુઃખજનક કર્મો તેની સહનશક્તિના પ્રમાણમાં પતાવટ માટે આપવા માંડે છે. કારણ કે જ્યાં સુધી તેનાં આવાં કર્મો પૂરેપૂરા ખપી જાય નહિ, ત્યાં સુધી તે પોતાને પૂર્ણપણે ઈશ્વરી યોજનાના કાર્યમાં અર્પણ કરી શકતો નથી. તેઓ ગમે તેવી વિપત્તિમાં પણ ખુશમિજાજમાં રહેતા. તેઓ ખરેખર તિતિક્ષામૂર્તિ હતા. તેમણે વારંવાર કહેલું છે કે મનુષ્ય ઉદાસીન રહે ત્યાં સુધી તે મહાપુરુષની શક્તિની પ્રાણવાન પ્રણાલિકા બની શકતો નથી. તેથી મનુષ્યે દુઃખ પણ સહી લેવું જોઈએ. મુશ્કેલીના પ્રસંગે તેઓ બે સૂત્રો ઉચ્ચારતા : (૧) આ સમય પણ પસાર થઈ જશે. (૨) ઘણામાં ઘણીખરી બાબતો તો ચિંતા કરવા જેવી હોતી નથી અને આ બાબતમાં તો ચિંતા કરવાની બિલકુલ જરૂર નથી.

પ્રકાશક : શ્રી હર્ષદ મનસુખલાલ દવે
માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧
મુદ્રક : હેમ પ્રિન્ટીંગ પ્રેસ, ૪, લબ્ધી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એસીડ મીલ કંપાઉન્ડ, રણમુક્તેશ્વર રોડ, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪

Printed and Published by HARSHAD MANSUKHLAL DAVE on behaf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Hem Printing Press, 4, Labdhi Ind. Estate, Acid Mill Compound, Ranmukteshwar Rd., Pratapnagar, Vadodara-390004 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, A-201, Milestone Residency, Vasana Bhayli Rd., B/h. Bright Day -CBSE School, Opp. Nayara Petrol Pump, Vadodara-391410.Editor -HARSHAD MANSULKHLAL DAVE